INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯

website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

<u>અખબારી યાદી</u> તા. <u>૬-૦૧-૨૦૨૬</u>

- **જળશક્તિ મંત્રાલયના ફંક્શનાલિટી એસેસમેન્ટ ઓફ હાઉસહોલ્ડ ટેપ કનેકશન્સ રિપોર્ટ મુજબ ગુજરાતમાં માત્ર ૪૭.૩%ના ઘરે ગુણવત્તાયુક્ત પાણી નળ થી પહોંચે છે : ડૉ. પાર્થિવરાજસિંહ કઠવાડીયા**
- **વર્ષ ૨૦૨૨ સુધીના સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ ની માહિતી મુજબ વોટર ક્વોલિટી ઈન્ડેક્સમાં ગુજરાત સમગ્ર દેશમાં ૩૦માં ક્રમે છે : ડૉ. પાર્થિવરાજસિંહ કઠવાડીયા**
- **ગુજરાત ના પાટનગર ગાંધીનગરમાં ૩૧.૯% ઘરો અને આર્થિક પાટનગર અમદાવાદમાં ૪૬.૧% ઘરોમાં જ પીવાલાયક પાણી આવે છે. જ્યારે બનાસકાંઠા અને દાહોદમાં રીપોર્ટ મુજબ શૂન્ય ટકામાં પીવાલાયક પાણી ઘરે પહોંચે છે : ડૉ. પાર્થિવરાજસિંહ કઠવાડીયા**
- **દરેક ગુજરાતીને શુદ્ધ પીવાલાયક પાણી ક્યારે મળશે ? સરકાર જવાબ આપે : ડૉ. પાર્થિવરાજસિંહ કઠવાડીયા**

ગુજરાત પ્રદેશ પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડો પાર્થિવરાજસિંહ કઠવાડીયાએ જણાવ્યું હતું કે, રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસથી દૂષિત પાણીના લીધે ગાંધીનગર અને અમદાવાદ મોટા પ્રમાણમાં બીમાર પડ્યા છે જેમાં મોટા ભાગે બાળકો છે જ્યારે બાલાસિનોરમાં દૂષિત પાણીથી કેટલાક દિવસો પેહલા નાગરિકો કમળાગ્રસ્ત થયા હતા. ગુજરાત રાજ્યમાં દરેક ઘરે સ્વચ્છ પાણી પહોંચાડવાની મોટી મોટી વાતો કરનારાં કેન્દ્રના જલ શક્તિ મંત્રાલયના રિપોર્ટએ ખુલ્લા પાડ્યા છે. જળશક્તિ મંત્રાલયના ફંક્શનાલિટી એસેસમેન્ટ ઓફ હાઉસહોલ્ડ ટેપ કનેકશન્સ રિપોર્ટ મુજબ ગુજરાતમાં માત્ર ૪૭.૩%ના ઘરે ગુણવત્તાયુક્ત પાણી નળથી પહોંચે છે જ્યારે સમગ્ર દેશમાં 76% ઘરો સુધી ગુણવત્તાયુક્ત પાણી નળ દ્વારા પહોંચે છે. વર્ષ ૨૦૨૨ સુધીના સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડની માહિતી મુજબ વોટર ક્વોલિટી ઈન્ડેક્સમાં ગુજરાત સમગ્ર દેશમાં ૩૦માં ક્રમે છે. ડિસોલ્વેડ ઓક્સિજન, બાયોકેમિકલ ઓક્સિજન ડિમાન્ડ, પીએચ અને કોલિફોર્મ બેક્ટેરિયા જેવા પરિબળોને ધ્યાનમાં રાખીને વોટર ક્વોલિટી ઈન્ડેક્સ તૈયાર કરવામાં આવ્યો છે. પશ્ચિમ બંગાળ, ઝારખંડ, છત્તિસગઢ જેવા રાજ્યોથી પણ ગુજરાત વોટર ક્વોલિટી ઈન્ડેક્સમાં પાછળ છે. સમગ્ર દેશની વોટર ક્વોલિટી ઈન્ડેક્સની સરેરાશ ૭૩.૮% જ્યારે ગુજરાતનો ઈન્ડેક્સ ૬૩% છે.

જળ શક્તિ મંત્રાલયના રિપોર્ટ ફક્શનાલિટી એસેસમેન્ટ ઓફ હાઉસહોલ્ડ ટેપ કનેકશન્સ મુજબ જિલ્લા પ્રમાણે પીવા લાયક પાણીની સપ્લાયના આંકડા ચોકાવનારા છે. ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં ૩૧.૯% ઘરો અને આર્થિક પાટનગર અમદાવાદમાં ૪૬.૧% ઘરોમાં જ પીવાલાયક પાણી આવે છે. દાહોદ અને બનાસકાંઠામાં રિપોર્ટ મુજબ ૦.૦% ઘરોમાં પીવાલાયક એટલે કે પોટેબલ વોટર આવે છે. મહીસાગરમાં ૧૬%, નર્મદામાં ૧૫.૪%, ગીર સોમનાથમાં ૧૧.૭% દેવભૂમિ દ્વારકા માં ૧૭.૨% ઘરોમાં પીવા લાયક પાણી મળે છે. રાજકોટની જનતાને ૧૬.૨% અને સુરતના લોકોને ૪૭.૨% લોકોને ત્યાં પીવાલાયક પાણી નળ થી મળે છે. રિપોર્ટ મુજબ જૂના ૩૩ પૈકી ૧૯ જિલ્લામાં નળ થકી ૫૦% થી ઓછા લોકોને ગુણવત્તા યુક્ત પીવાલાયક પાણી મળે છે. સરકારના આંકડા ખૂબ ચોંકાવનારા છે સરકાર ઘરો સુધી માત્ર નળ પહોંચાડી શકી છે જ્યારે પીવાલાયક જળ પહોચાડવામાં સંપૂર્ણ નિષ્ફળ ગઈ છે. શુદ્ધ પીવાલાયક પાણી અને સ્માર્ટ સીટીઓના નામે કરોડો રૂપિયા ખર્ચાય - કરોડોની જાહેરાત થાય છે. જ્યારે જમીની હકીકત અલગ છે, ગુજરાતની જનતા સુધી શુદ્ધ પીવાલાયક પાણી પહોંચાડવામાં ભાજપ સરકાર નિષ્ફળ છે. દરેક ગુજરાતીને શુદ્ધ પીવાલાયક પાણી ક્યારે મળશે ? સરકાર જવાબ આપે.

## ફંક્શનાલિટી એસેસમેન્ટ ઓફ હાઉસહોલ્ડ ટેપ કનેક્શન્સ સ્ટેટ રીપોર્ટ - ૨૦૨૪ ગુજરાત

| | | |
|---|---|---|
| ઘર દીઠ નળ દ્વારા ગુણવત્તા યુક્ત પાણી સપ્લાય | ભારત - ૭૬ % | ગુજરાત - ૪૭.૩ % |

**જીલ્લા પ્રમાણે ઘરદીઠ પીવાલાયક પાણીની ઉપલબ્ધતા જ્યાં ૫૦% થી ઓછી છે.**

| **જીલ્લાનું નામ** | **ટકાવારી** |
|---|---|
| અમદાવાદ | ૪૬.૧% |
| બનાસકાંઠા | ૦.૦% |
| ભરૂચ | ૮.૫% |
| ભાવનગર | ૧૪.૭% |
| દાહોદ | ૦.૦% |
| ડાંગ | ૪૦.૧% |
| દેવભૂમિ દ્વારકા | ૧૭.૨% |
| ગાંધીનગર | ૩૧.૯% |
| ગીર સોમનાથ | ૧૧.૭% |
| મહિસાગર | ૧૬.૦% |
| મોરબી | ૪૦.૬% |
| નર્મદા | ૧૫.૪% |
| નવસારી | ૪૭.૮% |
| પંચમહાલ | ૩૯.૨% |
| રાજકોટ | ૧૬.૨% |
| સાબરકાંઠા | ૧૭.૪% |
| સુરત | ૪૭.૨% |
| સુરેન્દ્રનગર | ૪.૭% |
| તાપી | ૬.૯% |

(ડૉ. પાર્થિવરાજસિંહ કઠવાડીયા)
પ્રવક્તા, મો. 9898134146